પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૬ | ૭ સપ્ટેમ્બર, ૨૦૨૨, બુધવાર; ભાદરવા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશની પ્રથમ નેઝલ કોરોના વેક્સિનને મંજૂરી

**કોરોનાના ફૂંફાડા પર નિયંત્રણ માટે વધુ એક વેક્સિન : આ વેક્સિનને આધિકારીક મંજૂરી મળતાં આ રસી કોરોના સામેની લડતમાં નાક દ્વારા બૂસ્ટર ડોઝ તરીકે આપી શકાશે**



નવી દિલ્હી, તા.૬

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં વિનાશ વેતર્યા બાદ હવે ફરી આ કોવિડ-૧૯ વાયરસ ફૂંફાળા ન મારે તે માટે સરકાર અને દવા બનાવતી કંપનીઓ ઝડપથી વિવિધ વેક્સિનની શોધ કરી રહ્યાં છે. આજે ભારતની પ્રથમ નેઝલ કોરોના વેક્સિનને રેગ્યુલેટરે મંજૂરી આપી છે.

ભારતને અત્યાર સુધીની સૌથી ભયાનક મહામારી માટેની પ્રથમ નેઝલ વેક્સિન મળી ગઈ છે. ૧૫ ઓગસ્ટે કંપનીએ જાહેરાત કરી હતી કે આ વેક્સિનનું ત્રીજું અને અંતિમ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતુ.

ભારત બાયોટેકની દેશની પ્રથમ નાકથી આપવાની થતી કોરોના રસી, બીબીવી-૧૫૪ને આજે ડીજીસીઆઈએ મંજૂરી આપી છે. જોકે આ નેઝલ વેક્સિન કોરોનાથી બચવા માટે બૂસ્ટર ડોઝ તરીકે આપવામાં આવશે.

બીબીવી૧૫૪ વેક્સિસન પરીક્ષણમાં સુરક્ષિત, સહન કરી શકાય એવી અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે યોગ્ય દર્શાવવામાં આવી છે. આ નાકની રસી ભારત બાયોટેક ઈન્ટરનેશનલ લિમિટેડ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# પાઘડીને હિજાબ સાથે ન સરખાવી શકાય: સુપ્રીમ

નવી દિલ્હી, તા.૬

હિજાબ વિવાદ પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે, પાઘડી હિજાબ સમાન નથી, તે ધાર્મિક નથી. તેથી પાઘડીને હિજાબ સાથે સરખાવી શકાય નહીં. જસ્ટિસ હેમંત ગુપ્તા અને જસ્ટિસ સુધાંશુ ધુલિયાની બેંચ હિજાબ કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય વિરૂદ્ધ દાખલ કરાયેલી ૨૩ અરજીઓની સુનાવણી કરી રહી હતી. કર્ણાટક હાઈકોર્ટે ૧૫ માર્ચના પોતાના ચુકાદામાં રાજ્યની શાળાઓ અને કોલેજોમાં મુસ્લિમ વિદ્યાર્થીનીઓ પર હિજાબ પહેરવા પરના પ્રતિબંધને યથાવત રાખ્યો હતો.

**સુપ્રીમ કોર્ટમાં હિજાબ વિવાદ પર સુનાવણી : પાઘડી હિજાબની બરાબર નથી, તે ધાર્મિક નથી, તે શાહી રાજ્યોમાં પહેરવામાં આવતી હતીઃ જસ્ટિસ હેમંત ગુપ્તા**

અરજીકર્તાઓ તરફથી હાજર રહેલા રાજીવ ધવને કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટમાં એક જજ હતા જેઓ તિલક લગાવતા હતા અને પાઘડી પહેરતા હતા. કોર્ટ નંબર ૨માં એક તસવીર છે જેમાં જજને પાઘડી પહેરેલી બતાવવામાં આવી છે. સવાલ એ છે કે શું મહિલાઓએ સરકારે નક્કી કરેલા ડ્રેસ કોડનું પાલન કરવું જોઈએ. અને શું હિજાબ એ ઈસ્લામની એક વિશિષ્ટ ધાર્મિક પ્રથા છે.

યુનિફોર્મ નક્કી કરવાની સત્તા સરકારને આપવામાં આવી નથી અને જો કોઈ વ્યક્તિ યુનિફોર્મથી વધારે વસ્તુ પહેરે તો તે યુનિફોર્મનું ઉલ્લંઘન નથી. તેના પર જસ્ટિસ હેમંત ગુપ્તાએ કહ્યું હતું કે, પાઘડી હિજાબની બરાબર નથી, તે ધાર્મિક નથી, તેની હિજાબ સાથે તુલના કરી શકાય નહીં. તે શાહી રાજ્યોમાં પહેરવામાં આવતી હતી. મારા દાદા કાયદાની પ્રેક્ટિસ કરતી વખતે તેને પહેરતા હતા.

અરજીકર્તાઓ તરફથી દલીલ કરવામાં આવી હતી કે, હિજાબ પર પ્રતિબંધ મહિલાઓને શિક્ષણથી વંચિત કરી શકે છે. તેનાપર બેન્ચે કહ્યું કે, રાજ્ય એવું કરી રહ્યું નથી કે તે કોઈ અધિકારનો ઈનકાર કરી રહ્યું છે. રાજ્ય એવું કહે છે કે, તમે વિદ્યાર્થીઓ માટે જે ડ્રેસ નક્કી કર્યો છે કોઈપણ વ્યક્તિને

● અનુસંધાન પાન-૭ પર

# ૧૨૦૦ કરોડના ડ્રગ્સ સાથે બે અફઘાન નાગરિક ઝડપાયા

**દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલનું એપરેશન : આરોપીઓ પાસેથી ૩૧૨.૫ કિલો મેથામ્ફેટામાઈન અને ૧૦ કિલો હેરોઈન જપ્ત કરાયું**



નવી દિલ્હી, તા.૬

દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ૨ અફઘાન નાગરિકોની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ૩૧૨.૫ કિલો (૩ ક્વિન્ટલ) મેથામ્ફેટામાઈન અને ૧૦ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. આ ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૨૦૦ કરોડ રૂપિયા હોવાનું સામે આવ્યું છે.

દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, આ બંને અફઘાન નાગરિકોની ઓળખ મુસ્તફા અને રહિમુલ્લાહ તરીકે થઈ છે. જેઓ નાર્કો ટેરર સિન્ડિકેટ હેઠળ મોટા પાયે ડ્રગ્સ સપ્લાય કરતા હતા. શરૂઆતમાં તેમની પાસેથી ડ્રગ્સનો નજીવો જથ્થો મળી આવ્યો હતો પરંતુ બાદમાં પૂછપરછ કરતાં તેમની પાસેથી ડ્રગ્સનો આટલો મોટો જથ્થો મળી આવ્યો હતો.

દિલ્હીના ઈતિહાસમાં પકડાયેલું મેથામ્ફેટામાઈન અને હેરોઈનનું આ સૌથી મોટું કન્સાઈનમેન્ટ છે. પોલીસના જણાવ્યા અનુસાર ડ્રગ્સનું આ કન્સાઈનમેન્ટ ચેન્નાઈ, લખનૌ અને પછી દિલ્હી મોકલવામાં આવ્યું હતું. આ મોટા નાર્કો ટેરર મોડ્યુલનો પર્દાફાશ કરનારાઓમાં સીપી લલિત મોહન નેગી, એસીપી હૃદયભૂષણ, ઈન્સ્પેક્ટર વિનોદ બડોલા, ઈન્સ્પેક્ટર સુંદર ગૌતમ અને યશપાલ ભાટીનો સમાવેશ થાય છે.

# દેશભરમાંથી ૫૦૦૦ જેટલી કાર ચોરનારો દિલ્હીથી ઝડપાયો

**દેશના સૌથી મોટા કાર ચોરને પકડવામાં સફળતા : રીક્ષા ચલાવતા ચલાવતા તેણે કાર ચોરવાની શરૂઆત કરી, ગાડીઓ ચોરીને જમ્મુ-કાશ્મીર, ઇશાન ભારતના રાજ્યો કે નેપાળમાં તે વેચી કાઢતો**

દિલ્હી , તા.૬

ભારતના સૌથી મોટા કારચોરને પકડવામાં દિલ્હી પોલીસને સફળતા મળી છે.





ઓટોરીક્ષા ચાલક તરીકે પેટીયું રળતા આ ચોરની વાર્તા કોઈ ફિલ્મથી કમ નથી.

મૂળ દિલ્હી રહેવાસી અનિલ ચૌહાણ અત્યારે ૫૨ વર્ષનો છે અને તેણે પ્રથમ વખત કારની ચોરી ૨૭ વર્ષ પહેલા ૧૯૯૫માં કરી હતી. આ ૨૭ વર્ષની 'ઉજ્જવળ' કારકિર્દીમાં ચૌહાણે લગભગ ૫૦૦૦ જેટલી કારની ચોરી કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે.

રીક્ષા ચલાવતા ચલાવતા તેણે કાર ચોરવાની શરૂઆત કરી. માત્ર દિલ્હીમાં જ નહી દેશના વિવિધ ભાગોમાંથી તે ગાડીઓ ચોરતો અને પછી જમ્મુ-કાશ્મીર, ઈશાન ભારતના રાજ્યો કે નેપાળમાં તે વેચી કાઢતો. પોલીસના જણાવ્યા અનુસાર મારૂતિ ૮૦૦ ગાડીઓની સૌથી વધુ ચોરી કરનાર અનિલે ચોરી માટે ક્યારેક ટેક્સી ડ્રાઈવરની હત્યા પણ કરી હોવાનું સામે આવ્યું છે.

અનિલ સામે લગભગ ૧૮૦ ગુના નોંધાયેલા છે. એવું નથી કે પ્રથમ વખત પકડાયો હોય. જેલવાસ ભોગવી એ બહાર નીકળી ફરી પોતાના કરતૂત શરુ કરી દેતો હતો. એક વખત કોંગ્રેસના એક ધારાસભ્ય સાથે તેની અટકાયત થઈ હતી અને પછી પાંચ વર્ષ જેલમાં રહી તે બહાર નીકળ્યો હતો.

કારચોરી દ્વારા એકત્ર કરેલી સંપત્તિ બાદ તેણે દિલ્હી છોડી આસામમાં વસવાટ શરુ ર્ક્યો હતો. એવું માનવામાં આવે છે કે તેણે દિલ્હી, મુંબઈ સિવાય અન્ય રાજ્યોમાં પણ મિલકતની ખરીદીઓ કરેલી છે.

કોઈ ચોક્કસ બાતમીના આધારે અનિલ ચૌહાણની પોલીસે આજે ફરી ધરપકડ કરી હતી.

# દિલ્હી, યુપી સહિત ૩૦ સ્થાનો પર ઈડીના દરોડા



નવી દિલ્હી,તા.૬

કેન્દ્રીય તપાસ એજન્સી EDએ ૩૦થી વધુ સ્થળો પર દરોડા પાડ્યા છે. દિલ્હીની એક્સાઈઝ પોલિસી એટલે કે મનીષ સિસોદિયા સાથે સંબંધિત આ છેતરપિંડીના કેસમાં ૩૦થી વધુ સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ઈડી હેડક્વાર્ટરના આધારભૂત સૂત્રોએ આ સમાચારની ઔપચારિક પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ દરોડા હાલ મનીષ સિસોદિયાના ઘરે નથી થઈ રહ્યા. ઈડીના સૂત્રો પ્રમાણે દિલ્હી સહિત ઉત્તરપ્રદેશના લખનઉ, હરિયાણાના ગુરુગ્રામ, ચંદીગઢ, મુંબઇ, હૈદરાબાદ, બેંગ્લોરમાં હજુ પણ દરોડા ચાલી રહ્યા છે. આ અંગેની વાત કરીએ તો, કેન્દ્રીય તપાસ એજન્સી સીબીઆઈ દ્વારા ૧૭ ઓગસ્ટના રોજ આ કેસ નોંધવામાં આવ્યો હતો. જે બાદ આ મામલામાં સીબીઆઈએ ૩૦થી વધારે લોકેશન પર સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. સીબીઆઈ દ્વારા નોંધાયેલી એફઆઈઆર પ્રમાણે, એક્સાઈસ પોલિસી વિભાગના મંત્રી મનિષ સિસોદિયાને સૌથી પહેલા અને મુખ્ય આરોપી બનાવવવામાં આવ્યા હતા. આ કેસમાં અનેક અજ્ઞાત આરોપીઓ, કંપનીઓ સહિત કુલ ૧૬ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. સીબીઆઈ દ્વારા નોંધાયેલ આ મામલાને ટેકઓવર કરીને ઈડી આમાં મની લોન્ડરિંગ એક્ટ અંતર્ગત તપાસ કરી રહી છે.

# લખનૌની હોટલ લેવાના પર બુલડોઝર ફેરવી દેવા આદેશ

**નકશા પાસ કર્યા વગર રહેણાંક પ્લોટ પર આ આલીશાન હોટલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જણાતા કાર્યવાહી**

લખનૌ, તા.૬

રાજધાની લખનૌના હઝરતગંજ સ્થિત ફાઈવ સ્ટાર હોટલ લેવાના સુઈટ્સમાં લાગેલી આગના મામલામાં યોગી સરકાર આકરા મૂડમાં જોવા મળી રહી છે. ૪ લોકોના મોત બાદ હોટલના બાંધકામને ગેરકાયદેસર માનતા જિલ્લા પ્રશાસને હવે બુલડોઝરની કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. લખનૌના ડિવિઝનલ કમિશનર રોશન જેકબે પણ સોમવારે સાંજે હોટેલ લેવાના તોડી પાડવાનો આદેશ જારી કર્યો હતો. અહેવાલ અનુસાર, નકશા પાસ કર્યા વગર રહેણાંક પ્લોટ પર આ આલીશાન હોટલ બનાવવામાં આવી હતી.

એટલું જ નહી, લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીએ મેં અને ઓગષ્ટમાં હોટલ મેનેજમેન્ટને ૨ નોટિસ પાઠવી હતી. આ અંગે કોઈ જવાબ આપવામાં આવ્યો નહોતો. બીજી તરફ આગની ઘટના બાદ એક્શનમાં આવેલી પોલીસે હોટલ માલિકો રાહુલ અગ્રવાલ અને રોહિત અગ્રવાલને પૂછપરછ માટે કસ્ટડીમાં લીધા હતા.ટૂંક સમયમાં હોટેલ લેવાના પર બુલડોઝર ચાલી





શકે છે. કમિશનર રોશન જેકબના આદેશ અનુસાર, આ હોટલ નકશા પાસ કર્યા વગર રહેણાંક પ્લોટ પર બનાવવામાં આવી હતી અને લગભગ ૧૦ વર્ષથી ચાલી રહી હતી. એટલું જ નહીં, ૨૬ મે અને ૨૮ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ આ હોટલને નકશો પાસ ન કરવા અંગે બે નોટિસ પણ આપવામાં આવી હતી.આટલું જ નહીં નકશા વગરની ચાલતી આ હોટલની તપાસમાં એવા અધિકારીઓ પણ આવ્યા છે જેમણે માહિતી હોવા છતાં પગલાં લીધાં નથી. પ્રાપ્ત માહિતી અનુસાર લગભગ ૧૦ અધિકારીઓ સામે કાર્યવાહી થઈ શકે છે. લખનૌ ડેવલપમેન્ટ ઓથોરિટીએ પણ ઘણા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની ભલામણ કરી છે. તેમણે કહ્યું કે રહેણાંક મકાન માટે જમીન લેવામાં આવી હતી પરંતુ છેતરપિંડી કરીને તેનું બાંધકામ કરવામાં આવ્યું હતું.

# સરકારે આરસીએફ, એનએફએલ સહિતની ફર્ટિલાઈઝર કંપનીઓ વેચવાની તૈયારી કરી

**સરકાર આરસીએફ, એનએફએલ, ફેક્ટમાં વ્યૂહાત્મક વિનિવેશ કરવા જઈ રહી છે, આ અંગે નીતિ આયોગની બેઠકમાં પણ સર્વસંમતિ સધાઈ છે**

નવી દિલ્હી, તા.૬

મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ નવી રાષ્ટ્રીય અસ્કયમાતોના નિર્ણયની વાત તો દૂર રહી પરંતુ ખોટના ખાડાની સાથે નફામાં ચાલી રહેલ સરકારી કંપનીઓ અને મિલકતોને વેચવાની પૂરજોર તૈયારીમાં છે. તમામ મોટા સંસ્થાનોમાં હિસ્સો વેચ્યા બાદ હવે સરકારની નજર જાહેર ક્ષેત્રની ખાતર કંપનીઓ પર પડી છે.

ફર્ટિલાઈઝર સેક્ટરમાં મોટાપાયે સરકારી કંપનીઓનો દબદબો છે પરંતુ હવે કેન્દ્ર આરસીએફ, એનએફએલ, ફેક્ટનું સ્ટ્રેટજીક વિનિવેશ કરવાની તૈયારી આદરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ અનુસાર સરકારી કંપનીઓના ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયાને વેગ આપતા સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટ માટે ખાતર ક્ષેત્રની કંપનીઓની ઓળખ કરી છે. સરકારે ફર્ટિલાઈઝર સેક્ટરમાં ૮ કંપનીઓના સ્ટ્રેટજીક ડિસઈન્વેસ્ટમેન્ટની તૈયારી કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરકાર આરસીએફ, એનએફએલ, ફેક્ટમાં વ્યૂહાત્મક વિનિવેશ કરવા જઈ રહી છે. આ અંગે નીતિ આયોગની બેઠકમાં પણ સર્વસંમતિ સધાઈ છે.

સરકાર હવે નવી ડિસઈન્વેસ્ટમેન્ટ પોલિસી હેઠળ આ કંપનીઓનું વિનિવેશ કરવાની તૈયારી કરી રહી છે. જાહેર સાહસોના વિભાગ દ્વારા પણ આ અંગે ભલામણ કરવામાં આવી છે. હવે સરકાર દ્વારા ફર્ટિલાઈઝર સેક્ટરની ત્રણ મોટી કંપનીઓ આરસીએફ, એનએફએલ, ફેક્ટમાં વ્યૂહાત્મક ડિસઈન્વેસ્ટમેન્ટ કરવામાં આવશે.

# સુરેશ રૈનાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

નવી દિલ્હી, તા.૬

દિગ્ગજ ભારતીય ક્રિકેટર સુરેશ રૈનાએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરતા ચાહકો ઘેરા આઘાતમાં ડૂબ્યા છે. સુરેશ રૈનાએ ટ્વીટ કરીને આ જાહેરાત કરી. રૈનાએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટ ટેસ્ટ ક્રિકેટ, વનડે ક્રિકેટ અને ટી૨૦માંથી નિવૃત્તિ લીધાની જાહેરાત કરી છે.





આ અગાઉ સુરેશ રૈનાએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. પરંતુ તેઓ ઉત્તર પ્રદેશ માટે ઘરેલુ ક્રિકેટ રમતા હતા. આ સાથે જ ઈન્ડિયન પ્રિમિયર લીગ (IPL) પણ રમતા હતા. જો કે ગત આઈપીએલ સીઝન ૨૦૨૨માં તેઓને કોઈ પણ ફ્રેન્ચાઈઝીએ ખરીદ્યા નહતા.

૩૫ વર્ષના સુરેશ રૈનાએ આજે ટ્વીટ કરીને લખ્યું કે 'દેશ અને ઉત્તર પ્રદેશ રાજ્ય માટે ક્રિકેટ રમવું મારા માટે ગર્વની વાત છે. હું હવે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી મારી નિવૃત્તિની જાહેરાત કરું છું. આ સાથે જ બીસીસીઆઈ, યુપી ક્રિકેટ એસોસિએશન, આઈપીએલ ટીમ સીએસકે અને રાજીવ શુક્લાનો આભાર માનું છું. મને સપોર્ટ કરવા બદલ મારા ફેન્સનો પણ આભાર'.

# દિલ્હી એક્સાઈઝ પોલીસીમાં ઈડીએ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

**એક્સાઈ પોલીસ પર આપ સરકારની મુશ્કેલી વધી**

નવી દિલ્હી, તા.૬

દિલ્હીમાં એક્સાઈઝ પોલીસી પર આપ સરકારની મુશ્કેલીમાં કોઈ ઘટાડો નથી થઈ રહ્યો. હવે ઈડીએ આ મામલે મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો છે. હાલમાં ૩૦ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. આજે દિલ્હી સહિત ૭ અલગ-અલગ શહેરોમાં દરોડાની કાર્યવાહી ચાલી રહી છે. આ દરોડા કેટલાક દારૂના વેપારીઓ અને ભૂતપૂર્વ એક્સાઈઝ અધિકારીઓના ઘરો પર પાડવામાં આવી રહ્યા છે. જે લોકોના નામ સીબીઆઈની એફઆઈઆરમાં નોંધાયેલા છે તેમના પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

જોકે, આ એફઆઈઆરમાં મનીષ સિસોદિયાનું નામ છે પરંતુ તેમના ઘરે દરોડાના કોઈ સમાચાર નથી મળ્યા.

**જરૂર છે**

સેક્ટર-૪, ગાંધીનગર

વૃદ્ધ બાની સેવા માટે

લેડીઝની જરૂરીયાત છે

મો. ૯૪૨૬૦ ૦૫૧૦૧